# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૯ કેસ નોંધાયા

## ગાંધીનગર તાલુકામાં ૭, કલોલમાં ૮, માણસામાં ૩, દહેગામમાં ૧ કેસ નોંધાયો : ૧૭ હજારથી વધુ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૧૯ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોને લઈ તંત્ર સતત દોડતુ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે આજે નોંધાયેલા કેસોમાં ૭ કેસ ગાંધીનગર તાલુકામાં, ૮ કેસ કલોલમાં, માણસામાં ૩ કેસ અને દહેગામમાં ૧ કેસનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાં પાંચ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકામાં સેમી અર્બન વિલેજીસમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

મળતી વિગતો પ્રમાણે આજે વાસણા હડમતિયા ગામેથી એક ૫૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વાવોલમાંથી પણ ૪૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

લવારપુર ગામેથી એક ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કોલવડામાં પણ કોરોનાએ પુનઃ માથુ ઉંચક્યુ છે. કોલવડામાંથી આજે એક ૪૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના પ્રવાસન સ્થળ તરીકે ઓળખાતા અડાલજમાં કોરોનાના કેસોની સંખ્યા ૫૦ ને પાર થઈ છે. આજે અડાલજમાંથી એક ૭૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર નજીક આવેલ આલમપુરના મિલીટ્રી સ્ટેશનમાંથી આજે વધુ બે દર્દીઓના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. બન્ને ૪૧ વર્ષના પુરૂષ દર્દીઓ છે.

દહેગામમાં નાંદોલ ગામેથી એક ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકામાં ગ્રામ્ય વિસ્તારમાંથી બે અને અર્બન વિસ્તારમાંથી વધુ ૬ કેસ મળી આવ્યા છે.કલોલ તાલુકાના છત્રાલ ગામેથી ૫૩ વર્ષીય પુરૂષ અને બાલવા ગામેથી ૩૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી બે કેસ મળ્યા છે. બન્ને દર્દી મોટી વયના છે. મળતી વિગતો પ્રમાણે એક ૬૮ વર્ષીય પુરૂષ અને ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૬૩ વર્ષીય પુરૂષ, ૪૬ વર્ષીય પુરૂષ, ૪૩ વર્ષીય મહિલા, ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અર્બન-૨ વિસ્તારમાં નોંધાયેલા ૪ કેસમાં એક મહિલા દર્દી અને ૩ પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

તંત્રએ કલોલ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં સઘન સર્વેલન્સ તેમજ ટેસ્ટીંગની સંખ્યામાં વધારો કર્યો હોવાનું જાણવા મળેલ છે.

માણસા તાલુકામાં આજે ૩ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે. જેમાં બે પુરૂષ અને એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

### ગ્રામીણ વિસ્તારમાં વધુ ૧ દર્દીનું સારવાર દરમ્યાન મોત

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સારવાર દરમ્યાન ગઈકાલે માણસાના એક આધેડ વયના દર્દીનું મોત થયુ હતુ.

**૧૫ ઓગષ્ટે ગ્રામીણ વિસ્તારમાં ૨૦ કેસ નોંધાયા**

૧૫મી ઓગષ્ટના રોજ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૦ કેસ નોંધાયા હતા. જેમાં ગાંધીનગરમાં ૮, દહેગામમાં ૩, કલોલમાં ૫ અને માણસામાં ૪ કેસ નોંધાયા હતા.

ગઈકાલે નોંધાયેલા કેસોમાં ૩ દર્દીઓની ઉંમર ૨૦ વર્ષથી પણ નાની હતી. ૩ દર્દીઓની ઉંમર ૩૦ વર્ષથી નાની હતી. ગઈકાલે નોંધાયેલા કેસોમાં ૮ મહિલા દર્દીઓ હતી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા મૃત્યુના આંકને લઈ તંત્રમાં ચિંતાની લાગણી વધી રહી છે.

ગઈકાલે અર્થાત ૧૫ ઓગષ્ટના રોજ ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યા હતા. ગ્રામીણ વિસ્તારમાં કોરોના સંક્રમણના વધતા જતા કેસોએ તંત્રની ઊંઘ પણ ઉડાડી દીધી છે. માસ સેમ્પલીંગના પરિણામ અંગે હજુ પણ તંત્ર મૌન સેવી રહ્યું છે.

## સે. ૨૬માં સાસુ-વહુનો કોરોના રિપોર્ટ પોઝીટીવ

### સે. ૫ માં એક ૬૦ વર્ષીય દંપત્તિનો રિપોર્ટ પોઝીટીવ આવેલ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૦ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૬૩૧ પર પહોંચી છે.

શહેરમાં કોરોનાના કેસો વધતાં તંત્રની ચિંતા વધવા પામી છે. શહેરમાં કોરોના સંક્રમણ જે ગતિએ વધી રહ્યુ છે તે આગામી દિવસોમાં સુરત બને તેવી સંભાવનાઓ પણ તબીબી જગતમાં ખૂણે ખાંચરે વ્યક્ત થતી સાંભળવા મળી છે. શહેરમાં છેલ્લા એક સપ્તાહમાં ૧ હજારથી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાં એન્ટીજન અને આરટી પીસીઆરનો સમાવેશ થાય છે. ૭૦ જેટલા દર્દીઓને તે પૈકી પોઝીટીવ જણાયો છે.

મળતી વિગતો પ્રમાણે આજે નોંધાયેલા કેસોમાં ૪ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાં બેંકમાં ક્લાર્ક, શ્રમિક, પોષ્ટ સર્વિસીઝના એજન્ટ, વેપારીનો સમાવેશ થાય છે.

શહેરમાં મોટી વયના દર્દીઓની સંખ્યા વધતાં તંત્રમાં ચિંતાની લાગણી વધુ જોવા મળી રહી છે. મોટી ઉંમરના લોકોને કોરોના ઉપરાંત અન્ય બિમારી પણ વધુ હોવાથી ચિંતા વધે તે પણ સ્વાભાવિક છે. તંત્રએ મોટી ઉંમરના લોકોને બહુ જરૂરી ના હોય તો ઘરની બહાર ન નીકળવા અપીલ કરી છે. એટલુ જ નહિ કોરોના સામે સતર્ક અને સાવચેત રહેવા પણ જણાવ્યુ છે.

આજે સે. ૨૧ માંથી, સે. ૨૬ માંથી બે, સે. ૫ માંથી ૩, સે. ૧૯, સે. ૨૪, સે. ૩ અને સે. ૮ માંથી કેસો મળી આવ્યા છે.

સે. ૨૬ માંથી સાસુ-વહુનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે ૬૦ વર્ષીય સાસુ અને ૩૫ વર્ષીય પુત્રવધુનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૬૦ વર્ષીય મહિલા ગૃહીણી છે જ્યારે ૩૫ વર્ષીય મહિલા બેંકમાં ક્લાર્ક તરીકે

● અનુસંધાન પાન-૭ પર

### શહેરમાં વધુ ૧૦ કેસ નોંધાયા

**સે. ૫ માં ૩, સે. ૨૬ માં ૨, સે. ૧૯, સે. ૨૪, સે. ૩, સે. ૮ અને સે. ૨૧ માંથી કેસો મળી આવ્યા**

### શહેરમાં ૨૬૫થી વધુ કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે

**૧૫મી ઓગષ્ટે નવ કેસ નોંધાયા : આજે એક દિવસમાં ૧૨૩ના ટેસ્ટ કરાયા**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં આજના દિવસે ૨૬૫ થી વધુ કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે. જેમાં ૧૩,૫૦૦ થી પણ વધુ વસ્તી રહે છે. શહેરમાં ૧૫ મી ઓગષ્ટના રોજ નવ કોરોનાના કેસ મળી આવ્યા હતા. શહેરમાં આજે ૩૮ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં છેલ્લા એક સપ્તાહમાં જ ૧ હજાર જેટલા લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

શહેરમાં સૌથી વધુ કન્ટેનમેન્ટ ઝોન નવા સેક્ટરો ઉપરાંત ૨૪, ૨૫, ૨૬ અને ૨૨ માં આવેલા છે. શહેરમાં કોરોના સંક્રમણ કોન્યુનીટી ટ્રાન્સમિશન છે કે લોકલ ટ્રાન્સમિશન તેને લઈ તંત્ર હજુ દ્વિધામાં છે. આજે એક જ દિવસમાં ૧૨૩ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યુ છે. મોટાભાગના દર્દીઓ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા તેમજ લોકલ ટ્રાન્સમિશનના મળી રહ્યા છે.



રાજ્યકક્ષાનો સ્વાતંત્ર્ય સમારોહ - પાટનગરના સ્વર્ણિમ પાર્ક ખાતે રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી સમારોહમાં મુખ્યમંત્રીએ ગુજરાતની આવતીકાલનું સપણું રજૂ કર્યુ હતું અને સાથોસાથ કોરોના સાથેના જંગમાં ગુજરાતે અપનાવેલી વ્યુહરચનાનો ચિતાર પણ આપ્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રૂદ્રાક્ષનો છોડ વાવી હરિયાળા ગુજરાતનો સંદેશ આપ્યો હતો...

## પેથાપુર ચાર રસ્તે મહારાણા પ્રતાપની પ્રતિમા મુકાશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના મેયર રીટાબેન પટેલે ૭૪માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પ્રસંગે અગત્યની જાહેરાત કરી હતી જે અંતર્ગત મહાનગરપાલિકામાં સમાવિષ્ટ પેથાપુર ખાતેના મુખ્ય ચાર રસ્તે ભારતના રાજપૂત બહાદુર રાજવી મહારાણા પ્રતાપની પ્રતિમા મુકવાની જાહેરાત કરવામાં આવી હતી. આ સાથે તેમણે આ ચાર રસ્તા ''મહારાણા પ્રતાપ સર્કલ'' તરીકે ઓળખાશે તેવી પણ જાહેરાત કરી હતી.

## રાજ્યમાં માસ્ક વગર દેખાયા તો વાહનચાલક-મુસાફરને દંડ

ગાંધીનગર, તા.૧૬

કોરોના મહામારી દરમિયાન રાજ્યમાં લોકો ગાઈડલાઈનનું પાલન ન કરતા હોવાનું સરકારના ધ્યાનમાં આવ્યું છે. જેના કારણે સરકારે કડક પગલાં લેવાની જાહેરાત કરી છે. હવેથી રાજ્યમાં ખાનગી અથવા સરકારી વાહનોમાં માસ્ક વગર મુસાફરી કરતા દેખાશે તો વાહનચાલક અને મુસાફર બંનેને દંડ ફટકારવામાં આવશે. એટલું જ નહીં, મોલમાં પણ કોરોનાની ગાઈડલાઈનનું પાલન નહીં થાય તો મોલના મેનેજર/સ્ટોરમાલિક/ દુકાનદાર પાસેથી દંડ વસૂલવામાં આવશે. દેશભરમાં હાલ અનલોક-૩ની ગાઈડલાઈન અમલમાં છે. આ સમય દરમિયાન કોરોનાના સંક્રમણને ધ્યાને લઈને હાઈકોર્ટના ૨૪ જુલાઈ ૨૦૨૦ના ઓરલ ઓર્ડરના નિર્દેશ મુજબ રાજ્યમાં ખાનગી તેમજ સરકારી વાહનોમાં જેમાં ખાસ કરીને રિક્ષાચાલકો દ્વારા અને મુસાફરો દ્વારા માસ્ક કે અન્ય કોઈ કાપડ માસ્કથી ચેહરો ઢાંકેલો ન હોવાનું સરકારના ધ્યાને આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## સે-૭બીમાં એક સપ્તાહથી અંધારપટ્ટ : જાણભેદુ તત્વોના આંટાફેરાથી રહીશોમાં ફફડાટ

### વરસાદી સાંજ ઢળતા જ સેક્ટરમાં અંધારાનુ સામ્રાજય : સે-૩ સીમાં પણ રીંગ રોડ પર લાંબા સમયથી લાઇટો ડુલ : તસ્કરી હરકત રોકવા માટે રહીશો બારીમાંથી બુમો પાડે છે

ગાંધીનગર તા ૧૬

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં અંધારપટ્ટ છવાયેલો જોવા મળે છે. એકબાજુ વરસાદી સમસ્યાઓથી સેકટરો ઘેરાયેલા છે. સેકટરવાસીઓ દુવિધાઓથી ત્રસ્ત છે. ત્યારે સેકટરોની સ્ટ્રીટ લાઈટો પણ ડુલ રહેતા સ્થાનિકો સાંજ ઢળતા જ ગાઢ અંધારામા કેદ થઈ જાય છે. સે-૭ બી માં પણ છેલ્લા એક સપ્તાહથી સેકટરની તમામ સ્ટ્રીટ લાઈટો બંધ છે. આવા સંજોગામાં જાણભેદુ તત્વો પણ આંટા મારી રહ્યા છે. આવા સંજોગોમાં સ્થાનિક રહીશોમાં પણ ભયની લાગણી વ્યાપી છે. સેકટરની સ્ટ્રીટ લાઈટો ત્વરિત શરૂ કરવા માટે પણ સ્થાનિકોએ પ્રબળ માંગ ઉઠાવી છે.

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં વરસાદી સમસ્યાઓ ઉભરાઈ રહી છે. સેકટરોમાં રખડતા ઢોર વચ્ચે ગંદકીનો પ્રશ્ન પણ પેચીદો બન્યો છે. સેકટરોમાં વરસાદી સમસ્યાઓ હઠીલી બનતા નગરજનો પણ ત્રાહીમામ પોકારી ગયા છે. બીજીતરફ સેકટરોની શેરીઓમાં પણ સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જાય છે. જેના લીધે સેકટરોમાં ફરતા તત્વોની હીંમત વધે છે. સેકટરોમાં વરસાદી દિવસોમાં રાત્રિના સમયે ઘનઘોર અંધારુ રહેતા મહીલાઓ તેમજ સિનિયર સિટીઝન્સ ઘરની બહાર નિકળતા પણ ભય અનુભવે છે. એકબાજુ સ્ટોર્મ વોટર લાઈનની ખોદકામગીરીના લીધે પણ સેકટરોમાં કેબલ કટ થતા લાઈટો ડુલ થઈ ગઈ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેના લીધે સેકટર -૩ ના રીંગ રોડ સહીતના માર્ગો પર અંધારાનુ સામ્રાજય છે. શહેરના સે-૭ બી માં પણ છેલ્લા પાંચ છ દિવસથી સાંજ ઢળતા જ અંધારુ છવાઈ જાય છે. જયારે રાત્રિના આ અંધારપટ્ટ વચ્ચે તસ્કરી વૃતિ કરવાની હરકમાં ફરતા તત્વો પણ દહેશતનુ કારણ બન્યા છે. સેકટરમાં આંટા મારતા આવા તત્વો સ્થાનિક રહીશોની જાગૃતતાના લીધે નાસી જાય છે. છેલ્લા કેટલાક દિવસોથી બારીમાંથી બુમો પાડતા આવા તત્વો ભાગી જાય છે. સેકટરવાસીઓમાં ભયની લાગણી વ્યાપી છે. ત્યારે સેકટરમાંથી અંધારુ ઉલેચવા માટે ત્વરિત પગલા લેવાય તેવી માંગ પણ ઉઠવા પામી છે.

## જ થી ક માર્ગ વચ્ચે લાલ રંગના ફુલો નિખરશે : વનતંત્ર નવા રોપાઓ વાવશે

### જ-૭ થી ક-૭ વચ્ચે કલરકોડ મુજબ નવા રોપાઓની વાવણી કરાશે

ગાંધીનગર તા ૧૬

શહેરમાં હરિયાળા વૃક્ષોની વનરાજી વચ્ચે સુકા ઉભા અને જોખમી વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. જયારે વરસાદી દિવસો દરમિયાન વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવી છે. નગરના જ માર્ગને પણ કેસરી રંગના ફુલોથી નિખારવામાં આવ્યો છે. જયારે આગામી દિવસોમાં જ-૭ થી ક-૭ માર્ગને પણ લાલ રંગના ફુલોથી નિખારવામાં આવશે વનતંત્ર દ્વારા આ માર્ગ પર નવા રોપાઓની વાવણી કરાશે.

શહેરમાં હાલ વરસાદી દિવસોમાં વૃક્ષો જમીન દોસ્ત થઈ રહ્યા છે. વરસાદી વાયરા સાથે ઉભા સુકા વૃક્ષો પણ નમી પડે છે. સેકટરોમાં આવા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. આ ઉપરાંત વરસાદી દિવસો દરમિયાન નગરમાં દરવર્ષે નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે આ વર્ષે પણ વરસાદી દિવસો પુર્વે નવા રોપાઓની વાવણીને અનુલક્ષીને ખાડાઓ ખોદવામાં આવ્યા હતા. જયારે નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવી હતી. જો કે ખાલી જગ્યા અંગે પણ સર્વે હાથ ધરાયો હતો જેના અંતે ગત વર્ષની સાપેક્ષમાં ઓછા રોપાઓની વાવણી કરવામાં આવી હતી. આ વર્ષે નગરના મુખ્યમાર્ગોની આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં પણ નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. જો કે ગત વર્ષની વાવણી બાદ ઘણાંખરા રોપાઓનુ બાળમરણ પણ થયુ હતુ. થોડા દિવસો અગાઉ વન વિભાગ દ્વારા જ માર્ગ આસપાસ કેસરી રંગના રોપા નિખરે તે મુજબ કોડીયા અને ખાખરા સહીતના નવા રોપાઓની વાવણી કરવામાં આવી હતી. જેના અંતે હાલ આ માર્ગ પર કેસરી રંગના ફુલો નિખરી રહ્યા છે.

મુખ્યમંત્રીની સુચના મુજબ નગરમાં વિવિધ રંગના ફુલો નિખરે તે માટે માર્ગના કલરકોડ મુજબ નવા રોપાઓની વાવણી માટે પણ આગામી દિવસોમાં તબક્કાવાર આયોજન કરવામાં આવશે. વનતંત્ર દ્વારા નગરના જ-૭ થી ક-૭ વચ્ચેના રૂટમાં નવા રોપાઓની વાવણી કરાશે.

જેમાં માર્ગની બન્ને બાજુ કલરકોડ મુજબ લાલ રંગના ફુલો નિખરે તે મુજબ આયોજન કરાશે. આગામી દિવસોમાં જ- ૭ થી ક-૭ માર્ગ આસપાસ લાલ રંગના ફુલો નિખારવા માટે પ્લાન્ટેશન કરવામાં આવશે. હાલ વનતંત્ર દ્વારા શહેરમાં ઉભા સુકા વૃક્ષોની કટોતી કરવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત નમી પડેલા વૃક્ષોની ડાળીઓ દુર કરવા માટે પણ ટ્રીમીંગ કરવામાં આવી રહ્યુ છે.

**જોઈએ છે**
**વ્યવસાયી મહિલા છાત્રાલય માટે**

● **મહિલા રેક્ટર - ૧ જગ્યા**
- સ્નાતક હોવા જોઈએ, ગુજરાતી, હિન્દી, અંગ્રેજીમાં વાતચીત કરી શકે તેવા
- ઉંમર - ૪૦થી વધુને ૫૦થી ઓછી
- વિધવા/ત્યક્તા કે એકલા હોય તેવા (નિસંતાન)
- ૨૪ કલાક રહેવા - જમવા સાથે પગાર રૂ. ૪૦૦૦/- (ચાર હજાર)

● **સ્વીપર - ૨ જગ્યા (દંપતિ હોય તો સારૂં)**
- હૉસ્ટેલની સફાઈ માટે
- અભ્યાસ - સાત ધોરણ
- પગાર રૂ. ૨૫૦૦/- એક વ્યક્તિનાં રહેવાની સગવડ ઉપલબ્ધ

**દિન-૧૦માં અરજી કરવી**
**પ્રમુખશ્રી**
**વ્યવસાયી મહિલા છાત્રાલય**
**સેક્ટર-૧૨, આંબેડકર હોલ રોડ, ગાંધીનગર**

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2015 Certified Company
**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com